સદ્‌ભાગ્ય હંમેશાં પરિશ્રમને જ સાથ આપે છે
- ગોલ્ડ સ્મિથ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com



વર્ષ : (૨૭) અંક નં. ૪૪ | ૨૪ એપ્રિલ ૨૦૧૨, મંગળવાર, વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# જિલ્લાકક્ષાની કચેરીઓ માટે વધુ એક બહુમાળી ભવન

**ગાંધીનગરમાં જિલ્લાકક્ષાની કચેરીઓ માટે બુધવારે વધુ એક બહુમાળી ભવનનું ખાતમુહૂર્ત : રૂ. ૩૭ કરોડના ખર્ચે જિલ્લાકક્ષાની કચેરીઓ માટે ભવન તેમજ સ્ટેમ્પ ડ્યુટી ભવન સે. ૧૪ ખાતે બનાવવામાં આવશે : આનંદીબેન પટેલના હસ્તે સાંજે ખાતમુહૂર્ત વિધિ કરાશે**

ગાંધીનગર, તા. ૨૩

આગામી બુધવારને તા. ૨૫મી એપ્રિલના રોજ ગાંધીનગર શહેરમાં વધુ બે સરકારી કચેરીઓના મકાનોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. રૂ. ૩૭ કરોડના ખર્ચે આ બે કચેરીઓ નિર્માણ પામશે.

ગાંધીનગર શહેરના સે. ૧૧માં એમ.એસ. બિલ્ડીંગ નજીક જિલ્લાકક્ષાની કચેરીઓ માટે એક બ્લોકનં બાંધકામ હાથ ધરવામાં આવનાર છે. જ્યારે સે. ૧૪ ખાતે સ્ટેમ્પડ્યુટી ભવનની કચેરી માટે નવીન કચેરીનું બાંધકામ હાથ ધરવામાં આવનાર છે.

આ બન્ને કચેરીઓનું ખાતમુહૂર્ત રાજ્યના માર્ગ-મકાન અને મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે થશે. આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યમંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર તથા ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર ખાસ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરમાં જિલ્લાકક્ષાની કચેરીઓ એક જ બિલ્ડીંગમાં હોવી જોઈએ તેમજ જિલ્લાનું વિસ્તરણ થતાં કચેરીઓને હાલ ફાળવવામાં આવેલી જગ્યા ઓછી પડતી હોવાની રજુઆતોને ધ્યાને લઈ રાજ્યસરકારે જિલ્લા કક્ષાની કચેરીઓ માટે અલાયદો બ્લોક બનાવવાનો નિર્ણય કર્યો હતો.

રાજ્ય સરકારે નિર્ણય કર્યા પછી આ વખતે ૨૦૧૨-૧૩ના વર્ષના અંદાજપત્રમાં તેનો સમાવેશ પણ કર્યો છે.

જિલ્લાકક્ષાની કચેરીઓ માટે

● અનુસંધાન પાન-૭ પર

## ગુડા દ્વારા સવાસો કરોડનાં કામોનું ત્રીજી મેના રોજ લોકાર્પણ યોજાશે

**મુખ્યમંત્રીના હસ્તે સવાસો કરોડના કામોનું લોકાર્પણ કરાશે**

ગાંધીનગર, તા. ૨૩

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે આગામી તા. ૩ મે ના રોજ માળખાકીય સુવિધાના સવાસો કરોડના કામોની લોકાર્પણવિધિ કરવામાં આવશે. ટાઉનહોલ ખાતે યોજાનારા કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે ગુડા વિસ્તારના મહત્વના કામોનું લોકાર્પણ કરાશે.

ગત મહિના દરમિયાન માણસા વિધાનસભાની ચૂંટણીના લીધે આચારસંહિતા અમલમાં આવતા ગુડાએ સ્થાપના દિનની ઉજવણીનું આયોજન પડતુ મુક્વું પડ્યું હતું. ગુડા વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવા વિકાસના નવતર અભિગમ સાથે હાથ ધરાનાર કામો સંદર્ભે હવે આગામી ૩ મે ના રોજ સે. ૧૭ ટાઉનહોલ ખાતે લોકાર્પણવિધિનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ દરમિયાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુડા વિસ્તારના વિકાસને અનુલક્ષી ૧૨૫ કરોડના વિવિધ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.



મકાઈની મજા - આજકાલ વાતાવરણમાં ફેરફાર જોવા મળે છે, ક્યારેક તાપ તો ક્યારેક વાદળછાયું વાતાવરણ રહે છે... સોમવારે વાદળછાયા વાતાવરણનો અહેસાસ નગરજનોએ કર્યો. થોડા દિવસો પહેલા વાતાવરણ પલ્ટાયું અને વરસાદી ઝાપટાની મજા શહેરીજનોએ માણી.... વરસાદી ઝાપટાની સાથે સાથે અમેરીકન મકાઈનું બજાર પણ જામી રહ્યું છે.... અને આજે વાદળછાયા વાતાવરણમાં મકાઈની મજા માણતી યુવતીઓ...

## ગાંધીનગરની ઘરફોડ ચોરીનો ભેદ સાબરકાંઠા પોલીસે ઉકેલ્યો

**સેક્ટર-૫માં અઢી માસ પહેલાં બે માળના બંધ મકાનમાંથી દસ લાખથી વધુ માલ-મત્તાની ચોરી કરનાર ૩ શખ્સો વિજાપુરથી હિંમતનગરના માર્ગે મુદ્દામાલ સાથે પકડાયા : આરોપીઓ ગાંધીનગર લવાયા**

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી. શાખાએ રવિવારે રાત્રીના બાતમી આધારે ગાંધીનગર ખાતે એક મકાનમાં ૧૦ લાખની ચોરી કરનારા ત્રણે જણા વિજાપુરથી હિંમતનગર તરફ બાઈક પર આવતા હિંમતનગરના એન.જી. સર્કલ પાસેથી ૮૯ હજારના મુદ્દામાલ સાથે ત્રણેને પકડી પાડી હિંમતનગર ટાઉન પોલીસણથકે સોંપી દીધેલ જે ત્રણેને ગાંધીનગર પોલીસ રાત્રીના જ લઈ ગઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી.ના પી.આઈ. ડી.એમ. ઢોલ તથા કૌશિક વ્યાસ સહિત સ્ટાફના બાતમીના

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાન ઘટયું

ગાંધીનગર, તા.૨૩

વાદળોની અવરજવર વચ્ચે તાપમાનમાં ઘટાડો થતાં વસાહતીઓને ગરમીથી રાહત મળી છે. થોડાક દિવસો અગાઉ દેશમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ હજુ વાદળોની અવરજવર રહે છે. ગઈકાલે દિલ્હીમાં વરસાદી ઝાપટું પડયું હતું તે પછી અહીં ગુજરાતમાં પણ વાતાવરણમાં ફેરફાર આવ્યો છે. આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિગ્રી રહેતા વસાહતીઓને ગરમીથી રાહત મળી છે.

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીમાં ફરી એકવાર ઘટાડો નોંધાયો છે જેથી સામાન્ય લોકોને રાહત થઈ છે. તાપમાનમાં થયેલા ફેરફારના લીધે રોગચાળો ફરીએકવાર સકંજો જમાવી શકે છે. રાજ્યમાં સૌથી વધારે ગરમી આજે સુરતમાં ૩૭.૨ ડિગ્રી સેલ્સીયસ નોંધાઈ હતી. આજે સવારમાં લોકોએ ઠંડક અનુભવી હતી પરંતુ મોડેથી લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. સાંજે પણ એકંદરે તાપમાનમાં ઘટાડો રહ્યો હતો.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ગરમીનુંપ્રમાણ ચાલુ રહેશે.


